શાળામાં રજા રાખવી કે નહીં તેનો નિર્ણય આચાર્યને જાતે લેવાનો આદેશ

સુરત મહાનગરપાલિકા અને સુરત જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં આવેલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે રજા જાહેર

સુરત : સુરત મહાનગરપાલિકા અને સુરત જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં આવેલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે રજા જાહેર કરવામાં આવે છે.

તારીખ 06/07/2026 ના રોજ મોડી રાત્રે પ્રસિદ્ધ થયેલ હવામાન ખાતાના બુલેટિન મુજબ તા.07/07/2026 ને મંગળવાર ના રોજ સવારે ભારેથી અતિભારે વરસાદની આગાહીને ધ્યાને લઈ જિલ્લા કક્ષાએથી મળેલ સૂચના મુજબ શાળાએ આવનારા-જનારા વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી સુરત મહાનગરપાલિકા અને સુરત જિલ્લાની તમામ નગરપાલિકાઓમાં આવેલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે રજા જાહેર કરવામાં આવે છે તથા ગ્રામ્ય કક્ષાએ સ્થાનિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને શાળાએ બોલાવવા કે ન બોલાવવા અંગેનો નિર્ણય શાળાના આચાર્યશ્રીએ વિવેકબુદ્ધિપૂર્વક તથા વિદ્યાર્થીઓના હિતને સર્વોપરી રાખી કરવો. અત્રે ઉલ્લેખનીય છે કે, સુરત શહેર અને જિલ્લામાં સોમવારે સવારથી જ વરસાદી માહોલ છવાયેલો રહ્યો હતો.

દિવસભર વિરામ સાથે વરસેલા વરસાદે સાંજે ચારથી છ વાગ્યા દરમિયાન અચાનક જ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. માત્ર બે કલાકમાં શહેરમાં અંદાજે ચાર ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગના આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુરત શહેરમાં કુલ પાંચ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં આગામી બે દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી બે દિવસ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. વહીવટી તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોમાં ખાસ સાવચેતી રાખવા તેમજ વીજળીના કડાકા દરમિયાન ખુલ્લી જગ્યાએ ન રહેવાની સલાહ આપવામાં આવી છે. બીજી બાજુ મહત્તમ તાપમાન આજે અડધો ડિગ્રી વધીને 31.4 ડિગ્રી નોંધાયું છે. લઘુત્તમ તાપમાન આશરે બે ડિગ્રી વધીને 25.6 ડિગ્રી નોંધાયું છે. હવામાં 98 ટકા ભેજ સાથે 4 કિમીની ઝડપે ઉત્તરનો પવન ફુંકાયો હતો.

અનુસંધાન... પાના પહેલાનું

મહારાષ્ટ્રમાં ભારે...

પાણીમાં વહી જવાથી મોત થયું હતું. મહારાષ્ટ્રના આપત્તિ વ્યવસ્થાપન મંત્રી ગિરીશ મહાજને જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણથી ચાર દિવસમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં 13 લોકોનાં મોત થયા છે. તેમણે ઉમેર્યું કે, આગામી બે દિવસ માટે ભારે વરસાદનું 'રેડ' એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અધિકારીઓએ જણાવ્યું કે, થાણે શહેરમાં એક વિશાળ ઉખડી ગયેલા વૃક્ષને હટાવતી વખતે એક ફાયરમેન ઘાયલ થયો હતો અને અલગ-અલગ ઘટનાઓમાં એક મોટું હોર્ડિંગ અને બે દિવાલો તૂટી પડી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, બચાવ કાર્ય હાથ ધરીને ૩૦ લોકોને બચાવી લેવાયા હતા અને ૨૭૦ થી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જિલ્લા વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર, ૨૭ રેવન્યુ સર્કલોમાં ૬૫ મીમી કરતાં વધુ વરસાદ નોંધાયો હતો, જેમાં માવલમાં સૌથી વધુ ૨૩૭.૩ મીમી વરસાદ પડ્યો હતો.

ભારે વરસાદથી...

કાટમાળમાં ફસાઈ ગયાં હતાં. જોકે, કોઈ જાનહાનિ કે ઈજાના અહેવાલ નથી.

સત્તાવાળાઓ દ્વારા રોડ સાફ કરવાની અને પુનઃસ્થાપનની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે, જ્યારે મુસાફરોને હાઈવે પર જવાનું ટાળવા અને રૂટ ફરીથી ન ખુલે ત્યાં સુધી સત્તાવાર ટ્રાફિક એડવાઈઝરીનું પાલન કરવાની સલાહ આપવામાં આવી છે.

પડોશી કિશ્તવાડ જિલ્લામાં પણ ભારે વરસાદને કારણે નિર્માણાધીન 540 મેગાવોટના ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટના ટનલ વિસ્તાર નજીક મોટું ભૂસ્ખલન અને કાદવની ભેખડો ધસી પડવાની ઘટના બની હતી.

અચાનક આવેલા પૂરમાં પ્રોજેક્ટ વિસ્તારમાં મોટા પ્રમાણમાં કાદવ અને પથ્થરો તણાઈ આવ્યા હતા, જેમાં ટ્રક, ડોઝર અને અન્ય બાંધકામના સાધનો સહિત કેટલાંય વાહનો દટાઈ ગયાં હતાં, આ ઉપરાંત બાંધકામ સામગ્રીને પણ નુકસાન થયું હતું.

પશ્ચિમ રેલવેની...

સહિતના વિવિધ સ્ટેશનો પર ઓછામાં ઓછી ૨૨ લાંબા અંતરની ટ્રેનોને રોકી રાખવામાં આવી હતી. પશ્ચિમ રેલવેના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, દિવસ દરમિયાન ૪૦થી વધુ સેવાઓ પ્રભાવિત થઈ હતી, જેમાં ભારે વરસાદ, જળબંબાકાર અને ભૂસ્ખલનને કારણે ઓછામાં ઓછી આઠ ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો હતો, ૧૦ ટ્રેનો રદ કરવામાં આવી હતી અને અન્ય કેટલીક ટ્રેનોના રૂટ ડાયવર્ટ અથવા નિયત સ્ટેશન પહેલા જ પ્રવાસ સમાપ્ત કરવામાં આવ્યા હતા.

રેલવે અધિકારીઓએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના કેટલાક ભાગોમાં માત્ર બે કલાકમાં લગભગ ૩૦૦ મીમી વરસાદ નોંધાયો હતો, જેના કારણે સવારે ૯ વાગ્યા સુધીમાં સ્થિતિ વધુ વણસી ગઈ હતી. પ્રભાવિત થયેલી કેટલીક લાંબા અંતરની ટ્રેનોમાં બાંદ્રા ટર્મિનસ-શ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ, મુંબઈ સેન્ટ્રલ-હઝરત નિઝામુદ્દીન રાજધાની એક્સપ્રેસ, દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ-ચંદીગઢ એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ-હિસાર એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ-અમૃતસર એક્સપ્રેસ, બાંદ્રા ટર્મિનસ-બીકાનેર એક્સપ્રેસ અને બાંદ્રા ટર્મિનસ-વેરાવળ એક્સપ્રેસનો સમાવેશ થાય છે. પૂરગ્રસ્ત નેટવર્ક પર વધુ ભીડ ન થાય તે માટે અમદાવાદ, જોધપુર અને ભુજ જેવા શહેરોમાંથી આવતી ટ્રેનોને વાપી અને સુરત જેવા સ્ટેશનો પર રોકી દેવામાં આવી હતી.

જુલાઈના પ્રથમ...

વરસાદનું જોર વધવાની સંભાવના છે. છેલ્લા એક સપ્તાહમાં ગુજરાત, મહારાષ્ટ્ર, ઓડિશા અને મધ્યપ્રદેશમાં ઘણો સારો વરસાદ થયો છે, જોકે ઉત્તર પ્રદેશ, બિહાર અને પશ્ચિમ બંગાળમાં હજુ પણ વરસાદની ઘટ છે. આ વ્યાપક વરસાદથી ખરીફ પાકના વાવેતરને મોટો વેગ મળશે અને જળાશયોના જળસ્તરમાં સુધારો થશે.

દેશના અનેક...

ગયા હતા, જ્યાં કેટલાય વિસ્તારોમાં "ફીલ-લાઈક" તાપમાન લગભગ ૫૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. જળબંબાકાર અને ભૂસ્ખલનને કારણે પશ્ચિમ રેલવેની ૪૦ થી વધુ સેવાઓ પ્રભાવિત થઈ હતી, જેમાં કેટલીક ટ્રેનો રદ કરવામાં આવી હતી, તેમના રૂટ ડાયવર્ટ કરાયા હતા અથવા તો તેમને અધવચ્ચે જ ટૂંકાવી દેવામાં આવી હતી. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને સેન્ટ્રલ તથા વેસ્ટર્ન રેલવેના અધિકારીઓને ટ્રેક પુનઃસ્થાપિત કરવાની કામગીરી ઝડપી બનાવવા નિર્દેશ આપ્યા હતા.

હિમાચલ પ્રદેશમાં રાત્રે પડેલા ભારે વરસાદને કારણે પૂર, ભૂસ્ખલન અને રસ્તાઓ બંધ થવાની ઘટનાઓ બની છે, જેમાં ૧૪ વર્ષની એક છોકરીએ જીવ ગુમાવ્યો છે. સામ્બા જિલ્લામાં પૂરના કારણે ચામ્બા-તિસ્સા રોડ બંધ થઈ ગયો હતો અને કુલ્લુ જિલ્લામાં લાર્જી-સૈંજ રોડ પર વાહનવ્યવહાર ખોરવાયો હતો. શિમલા જિલ્લામાં પૂરના પાણીથી રસ્તા, રમતગમતના મેદાનો, ફૂટબ્રિજ અને ખેતરોને નુકસાન થયું છે. હવામાન વિભાગે મંગળવારે કાંગડા, મંડી, શિમલા અને સોલન જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. મંડીના જોગિન્દરનગરમાં રાજ્યમાં સૌથી વધુ ૯૭ મીમી વરસાદ નોંધાયો હતો, ત્યારબાદ કાંગડામાં ૭૪.૮ મીમી વરસાદ પડ્યો હતો. જમ્મુ-કાશ્મીરમાં રાતભર પડેલા અવિરત વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ હતી, જેનાથી ડોડા-કિશ્તવાડ હાઈવેને નુકસાન થયું હતું, વાહનવ્યવહાર ખોરવાયો હતો અને કિશ્તવાડ જિલ્લામાં નિર્માણાધીન ૫૪૦ મેગાવોટના ક્વાર હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ નજીક કેટલાય વાહનો કાટમાળ નીચે દબાઈ ગયા હતા. હાઈવે પર મોટા પ્રમાણમાં કાદવ, પથ્થરો અને કાટમાળ જમા થઈ જતાં વાહનવ્યવહાર બંધ કરવો પડ્યો હતો, જ્યારે પ્રોજેક્ટ સાઇટ પર ભારે મશીનરી, ટ્રકો અને બાંધકામના સાધનો કાટમાળ નીચે ફસાઈ ગયા હતા. જો કે, આ પૂરમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી. ઓડિશામાં સર્જાયેલા ડિપ્રેશનની અસરને કારણે સતત ત્રીજા દિવસે અવિરત વરસાદ ચાલુ રહેતાં સમગ્ર રાજ્ય હજુ પણ એલર્ટ પર છે. હવામાન વિભાગે મંગળવાર સુધી વધુ ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપી છે અને માછીમારોને દરિયો ન ખેડવાની સલાહ આપી છે. કટક, સંબલપુર, કંધમાલ, બરગઢ અને સોનપુર સહિતના કેટલાય જિલ્લાઓમાં શાળા-કોલેજો બંધ રહી હતી. ઓડિશામાં બદલાયેલી હવામાન પ્રણાલીને કારણે આગામી ચાર દિવસમાં ઝારખંડમાં પણ ભારે વરસાદ થવાની સંભાવના છે.

મુંબઇમાં ચાલુ...

રાખવામાં આવી હતી. ગઇકાલથી જ રજા આપી દેવાઇ હતી. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન(BMC) એ પણ રહેવાસીઓને બિનજરૂરી કામ માટે બહાર ન નીકળવા અને વૃક્ષો, જર્જરિત ઇમારતો, હોર્ડિંગ્સ, વીજળીના થાંભલા અને અન્ય જોખમી માળખાથી સુરક્ષિત અંતર જાળવવા અપીલ કરી છે. BMC ના જણાવ્યા અનુસાર, મુંબઈ શહેરમાં BMC અને અન્ય સરકારી એજન્સીઓના આશરે 15,000 અધિકારીઓ અને કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. મુંબઈમાં સોમવારે પવનની ગતિ અંદાજે 90 કિમી પ્રતિ કલાક સુધી પહોંચી ગઈ હતી. આ ઉપરાંત, દિવસ દરમિયાન મહાનગરમાં વૃક્ષ/ડાળીઓ પડવાની 291 ઘટનાઓ નોંધાઈ હતી. પાડોશના પાલઘરમાં સવારમાં જ ૧૮ ઇંચ જેટલો વરસાદ ખાબકી જતા સુરત-મુંબઇ વચ્ચેના ટ્રેન વ્યવહારને અસર થઇ હતી. મુંબઇ એરપોર્ટ પર આવતી કેટલીક ફ્લાઈટોને અન્ય એરપોર્ટો પર ડાઈવર્ટ કરવામાં આવી હતી.

હવામાનમાં આવેલા પલટાને ધ્યાનમાં રાખીને હવામાન કચેરીએ સવારે ચેતવણીને 'ઓરેન્જ' માંથી અપગ્રેડ કરીને 'રેડ' એલર્ટ કરી દીધી હતી. વિભાગે આ વિસ્તારમાં ક્યારેક-ક્યારેક 70 થી 80 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની પણ આગાહી કરી છે. પડોશી જિલ્લા પાલઘરને 'ઓરેન્જ' એલર્ટ પર રાખવામાં આવ્યો છે, જ્યાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ અને ક્યારેક 70-80 કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાવાની સંભાવના છે. IMDએ ચેતવણી આપી છે કે ભારે વરસાદને કારણે નીચાણવાળા અને શહેરી વિસ્તારોમાં પાણી ભરાઈ શકે છે, અમુક સ્ત્રાવ વિસ્તારોમાં અચાનક પૂર તેમજ નદીઓમાં પૂર આવી શકે છે અને રસ્તાઓ તથા પુલો પરથી પાણી વહી શકે છે.

મુંબઇમાં અર્ધ-સરકારી...

બિનજરૂરી મુસાફરી ટાળવા, જ્યાં સુધી અનિવાર્ય ન હોય ત્યાં સુધી ઘરમાં રહેવા અને સત્તાવાર એડવાઇઝરીઓનું પાલન કરવા પણ વિનંતી કરી છે. કારણ કે, ભારે વરસાદને કારણે મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સામાન્ય જનજીવન પ્રભાવિત થઈ રહ્યું છે. મહારાષ્ટ્રના આપત્તિ વ્યવસ્થાપન મંત્રી ગિરીશ મહાજને લોકોને અતિ આવશ્યક ન હોય ત્યાં સુધી બહાર ન નીકળવા અપીલ કરી હતી અને વિરોધ પક્ષોને આ પરિસ્થિતિનું રાજકીયકરણ ન કરવા વિનંતી કરી હતી.

કેન્દ્ર સરકાર આપણાં વાહનો ઉપર પેટ્રોલમાં ઈથેનોલ ભેળવવાના અખતરાઓ કરી રહી છે

ટુ ધ પોઇન્ટ ▪ સંજય વોરા ▪

ભારતના રાજકારણીઓ ક્યારેક પોતાનો સ્વાર્થ સાધવા દેશનાં કરોડો નાગરિકો સાથે રમત રમતાં હોય છે. હાલમાં E20 ઇંધણને લગતો વિવાદ વધુ ઘેરો બની રહ્યો છે. એક તરફ લોકો ફરિયાદ કરી રહ્યાં છે કે છેલ્લા કેટલાક મહિનામાં E20 ઇંધણને કારણે તેમનાં વાહનોનું માઇલેજ ઘટી ગયું છે. બીજી તરફ લોકો એન્જિનમાં સમસ્યા અને કામગીરીમાં ઘટાડો થવાની પણ ફરિયાદ કરી રહ્યાં છે, કારણ કે તેઓ માને છે કે પેટ્રોલમાં વધુ પડતું ઇથેનોલ ભેળવવામાં આવી રહ્યું છે. આ કેસ સુપ્રીમ કોર્ટમાં પહોંચતાં સરકારે એવું નિવેદન કર્યું છે કે દેશભરમાં પ્રાયોગિક ધોરણે ઇથેનોલ વેચવામાં આવી રહ્યું છે. તેનાથી વાહનોને નુકસાન થાય છે કે નહીં, તેની ખબર એક વર્ષ પછી પડશે. આ બાજુ વીમા કંપનીઓ ઇથેનોલને કારણે નુકસાન પામનારાં વાહનો માટે વળતર આપવાનો ઇનકાર કરી રહી છે. અખબારોમાં છપાય છે કે કેન્દ્રના પરિવહન મંત્રી નીતિન ગડકરીના પુત્રો ઇથેનોલનું ઉત્પાદન કરીને કરોડપતિ બની ગયા છે. હકીકતમાં, ભારતમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવાની E20 નીતિ અંગે સામાન્ય લોકોનો મુખ્ય અસંતોષ વાહનની ક્ષમતા અને નાણાંકીય નુકસાન સાથે સંબંધિત છે. લોકોની સૌથી મોટી ફરિયાદ એ છે કે E20 પેટ્રોલના ઉપયોગને કારણે વાહનોનું માઇલેજ ૧૦ થી ૩૦ ટકા ઘટી ગયું છે અને તેના કારણે માસિક બજેટમાં વધારો થયો છે. E20 સુસંગત ન હોય તેવી કારમાં, ઇથેનોલને કારણે ઇંધણ પંપ ભરાઈ જવા, રબર પાઇપ તૂટવા અને એન્જિનના ભાગોમાં કાટ લાગવાની ફરિયાદો મળી છે. જો કે, સરકાર આ દાવાઓને નકારી કાઢે છે અને કહે છે કે આવું કંઈ થઈ રહ્યું નથી. એ નોંધવું યોગ્ય છે કે ભારતમાં મોટા ભાગનાં વાહનો ૨૦૨૩ પહેલાં બનાવવામાં આવ્યાં હતાં અને E10 (૧૦ ટકા ઇથેનોલ) અથવા શુદ્ધ પેટ્રોલ માટે ડિઝાઇન કરવામાં આવ્યાં હતાં. લાખો કાર માલિકો સરકાર પર E20 અથવા તો પછી E85 અથવા E100 લાદવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવી રહ્યા છે. વિદેશોમાં જ્યાં પણ પેટ્રોલમાં ઇથેનોલનું મિશ્રણ કરવામાં આવે છે, ત્યાં વાહનચાલકોને શુદ્ધ પેટ્રોલ ખરીદવાનો વિકલ્પ આપવામાં આવે છે. ભારતમાં તો ઇથેનોલ માથે મારવામાં આવી રહ્યું છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા ઇંધણ સંકટ વચ્ચે આયાતી ઇંધણ પર નિર્ભરતા ઘટાડવા માટે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે લોકોને ઇંધણ બચાવવાની અપીલ કરી છે અને E20 ઉપરાંતના વિકલ્પો પર પણ વિચાર કર્યો છે, જેમાં E30 અને E85 થી E100નો સમાવેશ થાય છે. સરકાર કહે છે કે પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવાથી પેટ્રોલની આયાત ઓછી થશે. ઇંધણ નીતિનો બચાવ કરતાં સરકાર કહે છે કે તે વિદેશી હૂંડિયામણ બચાવે છે અને ખાસ કરીને શેરડી અને મકાઈ ઉગાડનારા ખેડૂતોની આવકમાં વધારો કરે છે. સરકારનો દાવો છે કે ઓટોમોટિવ રિસર્ચ એસોસીએશન ઓફ ઇન્ડિયા (ARAI) એ જૂનાં અને નવાં વાહનો પર ૧ લાખ કિલોમીટરથી વધુનું પરીક્ષણ કર્યું છે અને એન્જિનની નિષ્ફળતાનો કોઈ કેસ નોંધાયો નથી. નોંધનીય છે કે E20 ઇંધણની આસપાસનો રાજકીય વિવાદ હવે શરૂ થઈ ગયો છે, જેમાં મુખ્ય વિપક્ષ કોંગ્રેસ આગેવાની લઈ રહ્યો છે. કોંગ્રેસનો દાવો છે કે E20 ઇંધણ એ યોગ્ય પરીક્ષણ વિના લાખો નાગરિકો પર લાદવામાં આવેલો પ્રયોગ છે. આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો ત્યારે સરકારે જણાવ્યું કે આ નીતિ સંપૂર્ણપણે વૈજ્ઞાનિક રીતે પરીક્ષણ કરાયેલી છે અને રાષ્ટ્રીય ઊર્જા સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ છે.

બિહારના એક પેટ્રોલ પંપે વાહનમાં પેટ્રોલને બદલે શેરડીનો રસ ભર્યો હોવાના અહેવાલ છે, જેના કારણે એન્જિનને નુકસાન થયું છે. અન્યત્ર એવા અહેવાલો પણ આવ્યા છે કે પેટ્રોલમાં ૨૦ ટકાથી વધુ ઇથેનોલ હોવાનું જાણવા મળ્યું છે, જેના કારણે ઇંધણનો રંગ અલગ દેખાતો હતો. અન્ય ઘણા અહેવાલો બહાર આવી રહ્યા છે, જે સ્પષ્ટ કરે છે કે E20 પેટ્રોલ વિશે નોંધપાત્ર જાહેર અનિશ્ચિતતાઓ છે, જેને દૂર કરવાની સરકારની જવાબદારી છે. કેટલાંક લોકો કહે છે કે ઇથેનોલ એક પ્રકારનો દારૂ છે. જો ગુજરાતમાં દારૂબંધી હોય તો ઇથેનોલ કેવી રીતે વેચી શકાય?

ભારતમાં E20 ઇંધણને લઈને ખૂબ ચર્ચા અને વિવાદ ચાલી રહ્યાં છે, ત્યારે ગયા મહિને હીરો મોટોકોર્પે સ્પ્લેન્ડર પ્લસ અને HF ડિલક્સના ફ્લેક્સ-ફ્યુઅલ મોડેલ્સ લોન્ચ કર્યાં હતાં. મારુતિ સુઝુકીએ તેની વેગનઆરના ફ્લેક્સ-ફ્યુઅલ મોડેલ્સ પણ લોન્ચ કર્યા હતા. આ ફ્લેક્સ-ફ્યુઅલ કાર અને બાઇક પેટ્રોલ સાથે ૮૫ ટકા સુધી ઇથેનોલના મિશ્રણ પર ચલાવવા માટે સક્ષમ છે. દિલ્હી અને મુંબઈમાં પણ E85 ઇંધણ ઉપલબ્ધ છે. જો કે આ કાર ખરીદવા માટે પહેલાં હાલની કાર વેચવી પડશે. લોકો તેના વેચાણના આંકડાઓ પર ઉત્સુકતાથી નજર રાખી રહ્યા છે. ભારતમાં હાલમાં E20 ઇંધણનો ઉપયોગ થાય છે.

કેન્દ્ર સરકારે આમાં વધારો કર્યો છે અને હવે ૩૦ ટકા સુધી ઇથેનોલ ભેળવવામાં આવતાં પેટ્રોલ માટે ઇંધણનાં ધોરણો જારી કર્યાં છે. બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) એ પેટ્રોલમાં ઇથેનોલ ભેળવવા માટે E22, E25, E27 અને E30 ઇંધણ માટે નવાં ધોરણો જારી કર્યાં છે, જેમાં ઇથેનોલ ૨૨ ટકાથી ૩૦ ટકા કરવામાં આવ્યું છે.

કોંગ્રેસના નેતા પવન ખેરાએ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પર નિશાન સાધતાં કહ્યું છે કે જ્યારે પિતા નીતિન ગડકરી નીતિઓ બનાવી રહ્યા છે, ત્યારે તેમના પુત્રો તેનો લાભ લઈ રહ્યા છે. ૨૦૧૮ માં નીતિન ગડકરીએ પાંચ ઇથેનોલ ઉત્પાદન કેન્દ્રો સ્થાપિત કરવાનું વચન આપ્યું હતું. આ કેન્દ્રો સ્થાપિત થયાં નથી. જે ઇથેનોલનું ઉત્પાદન થઈ રહ્યું છે તે શેરડી અને અનાજમાંથી બનાવવામાં આવી રહ્યું છે. આ ઇંધણ વાહનોને નુકસાન પહોંચાડી રહ્યું છે અને પેટ્રોલ સસ્તું થયું નથી. નીતિન ગડકરીના બે પુત્રો છે. તેમની કંપની દ્વારા શેરડીમાંથી ઇથેનોલનું ઉત્પાદન કરતાં કારખાનાં નાખવામાં આવ્યાં છે. નિખિલ ગડકરીની ૧૮ કરોડ રૂપિયાની આવક એક વર્ષમાં વધીને ૫૨૩ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ઇથેનોલ વાહનોના એન્જિનને નુકસાન પહોંચાડી રહ્યું છે. ખેડૂતોને આનો કોઈ ફાયદો મળી રહ્યો નથી. તેનાથી વિપરીત, ઇથેનોલ બનાવવા માટે તેમની પાસેથી શેરડી અને અનાજ સસ્તા દરે લેવામાં આવી રહ્યા છે. ઇથેનોલના ઉત્પાદનથી પર્યાવરણને પણ ભારે નુકસાન થાય છે. ૧ લિટર ઇથેનોલ બનાવવા માટે ૩,૦૦૦ લિટર પાણીની જરૂર પડે છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલ વિરુદ્ધ તાજેતરમાં સોશ્યલ મીડિયા પર ચાલી રહેલી ઝુંબેશ તેમના પર કેન્દ્રિત હતી. તેમણે ઇથેનોલના ફાયદાઓ પર પ્રકાશ પાડતાં કહ્યું કે તેનાથી ખેડૂતોને ૪૫,૦૦૦ કરોડ રૂપિયાનો ફાયદો થયો છે. કેન્દ્રની મોદી સરકાર ઇથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ (EBP) કાર્યક્રમ હેઠળ પેટ્રોલમાં ઇથેનોલ બ્લેન્ડિંગને પ્રોત્સાહન આપી રહી છે, જે હેઠળ જાહેર ક્ષેત્રની તેલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલમાં બ્લેન્ડેડ ઇથેનોલ વેચે છે. ગયા મહિનાની શરૂઆતમાં સુપ્રીમ કોર્ટે દેશભરમાં ૨૦ ટકા ઇથેનોલ-બ્લેન્ડેડ પેટ્રોલની રજૂઆતને પડકારતી અરજી પર વિચાર કરવાનો ઇનકાર કર્યો હતો.

સોસાયટી ઓફ ઇન્ડિયન ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરર્સ (SIAM) ના ૬૫મા વાર્ષિક સંમેલનમાં બોલતાં ગડકરીએ પેટ્રોલમાં ૨૦ ટકા ઇથેનોલ ભેળવવા અંગેની ચિંતાઓનો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું કે E20 કાર્યક્રમ અંગે ઓટોમોબાઇલ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ, ઓટોમોટિવ રિસર્ચ એસોસીએશન ઓફ ઇન્ડિયા (ARAI) અને SIAM એ તેમનાં તારણોમાં સ્પષ્ટતા આપી છે. સુપ્રીમ કોર્ટે પણ આ સંદર્ભમાં ખૂબ જ સ્પષ્ટ નિર્ણય લીધો છે.

ઇથેનોલ-મિશ્રિત પેટ્રોલ સામે સોશ્યલ મીડિયા પર થઇ રહેલી ટીકાનો ઉલ્લેખ કરતાં ગડકરીએ કહ્યું કે સોશ્યલ મીડિયા પર ઇથેનોલ વિરુદ્ધ એક પેઇડ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે આ ઝુંબેશ કોઈ પણ તથ્યોથી મુક્ત છે. ઇથેનોલ વિરુદ્ધની ઝુંબેશ તેમને રાજકીય રીતે નિશાન બનાવવા માટે હતી.

આપણી અશ્મિભૂત ઇંધણની આયાત ૨૨ લાખ કરોડ રૂપિયાની છે. જેમ જેમ માંગ વધી રહી છે તેમ તેમ આયાત પણ વધશે. જો કેન્દ્ર સરકાર દેશનાં કરોડો વાહનો ઉપર પ્રયોગ કરી રહી હોય તો આ વાહનોને થનારા નુકસાનને ભરપાઈ કરવાની જવાબદારી પણ સરકારે લેવી જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

કોંગ્રેસના નેતા પવન ખેરાએ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી પર નિશાન સાધતાં કહ્યું છે કે જ્યારે પિતા નીતિન ગડકરી નીતિઓ બનાવી રહ્યા છે, ત્યારે તેમના પુત્રો તેનો લાભ લઈ રહ્યા છે

!! જળ એ જીવન !!

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
ઇ-ટેન્ડરીંગ નિવિદા નં.૦૭ સને ૨૦૨૬-૨૦૨૭
(સંપર્ક નં. ૯૬૩૮૬૫૩૪૩૬) (બીજો પ્રયત્ન)

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, દ્વારા ઇ-ટેન્ડરીંગ પધ્ધતિથી આઈ.ડી.નં- ૩૨૧૧૩૫ જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, આહવા ધ્વારા માન્ય એ-કેટેગરીમાં નોંધાયેલા કોન્ટ્રાક્ટરો પાસેથી જી.ડાંગ માટે આહવા તાલુકા (મ અને નિ) પાણી પુરવઠા યોજના માટે કાર્યપાલક ઇજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ ગુ.પા.પુ ગ. અને ગ.વ્ય.બોર્ડ, જલભવન, સાપુતારા રોડ, આહવાની કચેરી દ્વારા ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડર ભરવાની (ટુકાગાળાની ૭-દિવસ) છેવટની તા.૧૪/૦૭/૨૦૨૬, ૧૮.૦૦ કલાક સુધી નિવિદા વિગતવાર વેબસાઈટ www.gwssb.org, www.gwssb.nprocure.com, www.statetender.com

ગ્રામ્ય વિસ્તારની પાપીવાના પાણીની સમસ્યા અંગે !!ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ!! નો હેલ્પલાઈન નંબર !!૧૯૧૬!! ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

(એસ. જે. પટેલ)
કાર્યપાલક ઇજનેર
જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ
આહવા-ડાંગ.

ક્રમાંક/માહિતી/ડાંગ/૫૩/૨૦૨૬

ગુજરાત રાજ્ય
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઈ-ટેન્ડર નોટિસ નં.૦૬ સને ૨૦૨૬-૨૭

(૧) ગુજરાત રાજ્યના મા.રાજ્યપાલશ્રી વતીથી કાર્યપાલક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વિભાગ નં. ૧, મધુબન કોલોની તરફથી ''Annual Unit Rates For The Hydraulic Structure Works Under Damanganga Project Div No. 1 Madhuban Colony'' ના કામ માટે ગુજરાત સરકારમાં માન્ય ઈજારદાર તરીકે ઈ-૨ અને તેની ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી યુનિટ રેટના ભાવો મંગાવવામાં આવે છે.
(૨) આ કામોની ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ- ૨૦.૦૭.૨૦૨૬ ૧૮.૦૦ કલાક સુધી
(૩) ટેન્ડર ઓન ખોલવાની તા.૨૧-૦૭-૨૦૨૬ સમય:-૧૨.૦૦ કલાક સુધી
(૪) નામ અને સરનામું :-
(૧) અધિક્ષક ઈજનેરશ્રી, દમણગંગા યોજના વર્તુળ, વલસાડ
(૨) કાર્યપાલકઈજનેરશ્રી, દમણગંગા યોજના વિભાગ નં.૧, મધુબન કોલોની
આ કામની માહિતી વેબસાઈટ માહિતી વેબસાઈટ www.nprocure.Com ઉપર જોવા મળશે.
નોંધ (૧ સદર કામોની નિવિદા અંગે સુધાર/વધારા ફક્ત ઉકત ઓન લાઇન વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે

કાર્યપાલક ઇજનેર
દમણગંગા યોજના વિભાગ નં.૧
મધુબન કોલોની

ન. માહિતી/વલસાડ/૨૨૯/૨૦૨૬

Surat Municipal Corporation
North Zone (Katargam)
FIT INDIA

E-Tender (Online) Invitation Short Notice: DEPUTY MUNICIPAL COMMISSIONER/NZ/02/2026-27 the Tenders are invited online on https://smctender.nprocure.com from Experienced Government approved Contractor with following schedule:

NAME OF DEPARTMENT	NO. OF WORK	TOTAL ESTIMATED COST
HOUSING	01	----------------------
ADMINISTRATIVE	01	15,00,000.00

The details tender notice will be made available on website www.suratmunicipal.gov.in

NO/PRO/113/2026-27
Date : 06/07/2026

Deputy Municipal Commissioner
North Zone (Katargam)
Surat Municipal Corporation

પશ્ચિમ રેલવે
આધુનિકીકરણ, અપગ્રેડેશન અને નવીનીકરણનું કામ

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400 008 નીચે જણાવેલ કામ માટે ટેન્ડર આમંત્રિત કરે છેઃ ટેન્ડર નંબરઃ BCT/26-27/88 તારીખઃ 03.07.2026 કામનું નામઃ મુંબઈ સેન્ટ્રલ (MMCT) (1) સ્ટેશન બિલ્ડિંગ ખાતે TTE રનિંગ રૂમનું આધુનિકીકરણ, અપગ્રેડેશન અને નવીનીકરણ, (2) એનેક્સ બિલ્ડિંગ (DRM ઓફિસ કોમ્પ્લેક્સ) ખાતે TPC ઓફિસનું સમારકામ અને નવીનીકરણ. કામની અંદાજિત કિંમતઃ રૂ. 2,68,53,737.95/- EMD (બાનાની રકમ): રૂ. 5,37,100/- ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમયઃ 28.07.2026ના રોજ 15.00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ 28.07.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0336

અમને લાઇક કરો: facebook.com/WesternRly

RAJHANS® **ગોપીતળાવ** નવસારી બજાર, સુરત

આલ્ફા
૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, રાત્રે : ૧૦.૧૫

વેલકમ ટુ ધ જંગલ
૧૨.૪૫, ૨.૩૦, ૩.૫૦, ૫.૩૦, ૭.૦૦, રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007
Book Tickets Now from : bookmyshow.com paytm @: @applecinemasurat

ઓલપાડ બસ ડેપોમાં હવેથી એપલ (મલ્ટીપ્લેક્ષ) ની સિનેમાની ટીકીટો બુકીંગ માટે ઓફિસ ખોલવામાં આવી છે.

આલ્ફા
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧૧.૪૦, ૧૨.૪૦, ૨.૨૦, ૩.૦૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૨૦, ૭.૪૫, રાત્રે : ૯.૦૦, ૧૦.૦૦,૧૦.૩૦, ૧૧.૦૦

કોકટેલ-2
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૭.૦૦, રાત્રે : ૮.૧૦

Minions and Monsters
(હિન્દી) ૯.૧૦, ૧.૪૦, ૬.૨૦

વેલકમ ટુ ધ જંગલ
૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૧૦, ૩.૨૦, ૪.૦૦, ૬.૨૦,રાત્રે : ૮.૦૦ ૯.૨૦, ૧૦.૨૦, ૧૧.૦૦

બેબી ડુ ડાઈ ડુ
(હિન્દી) ૧૧.૫૦, ૭.૦૦

નાગબંધનમ્ (હિન્દી) ૩.૩૫, રાત્રે : ૯.૩૦ | **કડકનાથ** (ગુજરાતી) ૫.૧૦ | **જીંદગી વન્સ મોર** (ગુજરાતી) ૧.૦૦, ૨.૪૦ | **અધરુ છે યાર** (ગુજરાતી) ૫.૩૫

ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
જબરજસ્ત ફુલ એક્શન સંવાદો

આલ્ફા
બોબીદેઓલ, આલિયા ભટ્ટ, અનીલકપુર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦

ફુલ કોમેડી, હાસ્યનું મોજુ

વેલકમ ટુ ધ જંગલ
અક્ષયકુમાર, સુનીલ શેટ્ટી, પરેશ રાવલ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે : ૯.૩૦

RUPAM CINEMA
એડ.-બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

જાહેર નોટીસ

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય, ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ ની નવી જોગવાઈઓ અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં. 6174/2023 માં તા. 19.02.2026 ના રોજ આપવામાં આવેલ નિર્દેશો મુજબ, રાજપીપળા શહેરના તમામ વોર્ડમાં બલ્ક વેસ્ટ જનરેટર (BWGs) માટે કડક - અમલીકરણ શરૂ કરવામાં આવ્યું છે. નવી જોગવાઈઓ મુજબ, નીચે દર્શાવેલ કોઈપણ એક માપદંડ ધરાવતા એકમોને 'બલ્ક વેસ્ટ જનરેટર' (BWGs) તરીકે ગણવામાં આવશે.

- જેમનું કુલ બાંધકામ ક્ષેત્રફળ ૨૦,૦૦૦ ચોરસ મીટર કે તેથી વધુ હોય. અથવા
- જેમનો દૈનિક પાણીનો વપરાશ ૪૦,૦૦૦ લિટર કે તેથી વધુ હોય. અથવા
- જેમના દ્વારા દૈનિક ઘન કચરાનું ઉત્પાદન ૧૦૦ કિલોગ્રામ કે તેથી વધુ થતું હોય.

આ નિયમો હેઠળ હોટલ-રેસ્ટોરન્ટો, ધાર્મિક સંસ્થાનો, તમામ સરકારી/અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, મોટા રહેણાંક એપાર્ટમેન્ટ્સ/ફ્લેટ/સોસાયટીઓ અને વાણિજ્યિક એકમો, શોપીંગ મોલ્સ, વગેરેનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત માપદંડ મુજબ જે તે સંસ્થા/એકમ BWGS માં સમાવેશ થતો હોય તે તમામે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ મુજબ તેઓની પ્રિમાઇસીસમાં જ ઉત્પન્ન થતા બાયોડીગ્રેડેબલ (ભીના કચરા)નું ઓન- સાઈટ પ્રોસેસીંગ (On-site Processing) કરવા તેમજ ઉત્પન્ન થતા સૂકા કચરાનું વર્ગીકરણ કરી તેને અધિકૃત રિસાયકલર્સને આપવાનો રહે છે.

જો એકમ દ્વારા ઓન-સાઈટ પ્રોસેસીંગની કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવશે અથવા નિયમોનું ઉલ્લંઘન કરતાં માલૂમ પડશે તો નામદાર સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના ગણી સોલિડ વેસ્ટ રૂલ્સ જોગવાઇઓ અને લાગુ પડતાં અન્ય પર્યાવરણીય કાયદાઓ હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી શકે છે.

રાજપીપળા શહેરને સ્વચ્છ અને પર્યાવરણલક્ષી બનાવવાના આ અભિયાનમાં આપનો સાથ-સહકાર આવશ્યક છે.

મુખ્ય અધિકારી
રાજપીપળા નગરપાલિકા

માહિતી/નર્મદા/૧૩૮/૨૦૨૬-૨૭

બીલીમોરા નગરપાલિકા
ટૂંકી મુદતની ઓફલાઇન ટેન્ડર જાહેરાત ક્રમાંક નં.૧૬/૨૦૨૬-૨૭

આથી રસ ધરાવતા અનુભવી ઈજારદારશ્રીઓને જણાવવાનું કે, બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના જનભાગીદારીની ગ્રાંટ હેઠળ મંજૂર થયેલ નીચે જણાવેલ વિગતના કામો માટે ઈજારદારો પાસેથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ઈજારદારશ્રીએ અનુભવના સર્ટીફીકેટ, દસ્તાવેજ સાથે અરજી કરવી કોરા ટેન્ડર બીલીમોરા નગરપાલિકાની ઓફિસેથી બાંધકામ શાખામાંથી તા.૧૩/૦૭/૨૦૨૬ સુધી ઓફિસ સમય દરમ્યાન ટેન્ડર ફી ભર્યેથી આપવામાં આવશે. ડિપોઝીટની રકમ રોકડમાં અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ભરવાની રહેશે. સીલબંધ ટેન્ડરો અલગ કવરમાં કવર ઉપર કામનું નામ લખી રજીસ્ટર પોસ્ટ એ.ડી. થી અથવા સ્પીડ પોસ્ટ થી "ચીફ ઓફિસર બીલીમોરા નગરપાલિકા" ના નામે તા.૧૭/૦૭/૨૦૨૬ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડર નામંજૂર કરવાની સત્તા નગરપાલિકાની રહેશે.

અ.નં.	કામનું નામ	૧.અંદાજીત કિંમત ૨. સરકાર માન્ય શ્રેણી	૧.ટેન્ડર ફી ૨.અનેષ્ટમની ડિપોઝીટ
૧	નવપદનગર સોસાયટીના મુખ્ય રસ્તાને કાર્પેટ સિલકોટ કરવાનું કામ. (બીજો પ્રયત્ન)	૧. ૩,૪૮,૩૦૮/- ૨. 'ઇ-૨'' ક્લાસ અને ઉપર	(૧) ૬૦૦/- (૨) ૩,૪૮૩/-

નોંધ : - 18% GST અલગથી ચૂકવણું કરવામાં આવશે.
તા.૦૪/૦૭/૨૦૨૬

sd/-ચીફ ઓફિસર, બીલીમોરા નગરપાલિકા | sd/- કારોબારી ચેરમેન, બીલીમોરા નગરપાલિકા | sd/-પ્રમુખ, બીલીમોરા નગરપાલિકા

માહિતી/નવસારી/૧૬૭/૨૦૨૬